
## વડીલોને વંદન
## અભિનંદન



નવીનભાઈ એસ. પાટડીયા
(૧૯૩૮)ફોન:૨૩૨૨૬૭૫૪

# મુખ્યપ્રધાનના જન્મદિવસે ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમ

## મેડિકલ કેમ્પ, આંગણવાડીમાં ફ્રુટ વિતરણ જેવા સેવાકીય, મહિલા સદસ્ય નોંધણી જેવા અનેક કાર્યક્રમ દ્વારા ઉજવાયો

અમદાવાદ, તા.૨૧

ભાજપના પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે, આજરોજ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના જન્મદિન પ્રસંગે મેડિકલ કેમ્પ, આંગણવાડીમાં ફ્રુટ વિતરણ જેવા સેવાકીય અને પ્રજાકીય કાર્યો તથા મહિલા સદસ્ય નોંધણીનો પ્રારંભ કરી ઉજવ્યો હતો અને આ પ્રસંગે મુખ્યમંત્રીને રાજ્યભરના કાર્યકર્તાઓએ અને પ્રજાજનોએ શુભેચ્છાઓ પાઠવી હતી.



જાડેજાએ જણાવ્યું હતું કે, મહિલા સશક્તિકરણના પ્રણેતા આનંદીબેન પટેલના નેતૃત્વમાં મહિલાઓને રોજગારી, નોકરીમાં ૩૩ ટકા અનામત તથા મહિલાઓ સ્વનિર્ભર બની ગતિશીલ ગુજરાતમાં સહભાગી બને તેવી રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પ્રતિતી થઈ રહી છે. સમાજમાંથી કુપોષણ દૂર થાય, તંદુરસ્ત સમાજ બને તેવા જય સરકારના આયામો આજરોજ આનંદીબેન પટેલના જન્મદિન ઉજવણીમાં પ્રતિબિંબીત થયા છે. અમદાવાદ, વડોદરા, પંચમહાલ, અરવલ્લી, મહેસાણા, કચ્છ, રાજકોટ, જુનાગઢ, સુરેન્દ્રનગર જિલ્લામાં મુખ્યમંત્રીના જન્મદિન નિમિત્તે આંગણવાડીમાં મહિલાઓને પોષ્ટીક આહાર અને બાળકોને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં જિલ્લા મથકોએ અને જાહેર સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આજરોજ સમગ્ર રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં મુખ્યમંત્રીને શુભેચ્છા આપતા કાર્યક્રમો સાથે સેવાકાર્યની પણ ઝલક જોવા મળી હતી જેમાં અમદાવાદ શહેરમાં મહિલા મુખ્યમંત્રીનો જન્મદિવસ વિશિષ્ટ રીતે ઉજવાયો હતો. ભાજપ ડોક્ટર સેલ દ્વારા ૧૭ કેન્દ્રોએ સ્ત્રીરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૦૦થી પણ વધુ બહેનોની તબીબી તપાસ કરવામાં આવી હતી. ભદ્રકાળી મંદિરે પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાપી અને ભરુચ ખાતે આદિવાસી બહેનોને સાડી વિતરણ કરવામાં આવી હતી. જ્યારે વડોદરા જિલ્લામાં અનાક બાળકીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લામાં બહેરા મુંગા વિદ્યાર્થીઓને ચોકલેટ બિસ્કીટ તો કચ્છમાં જનરલ હોસ્પિટલમાં મીઠાઈ વહેંચવામાં આવી હતી. જૂનાગઢ ખાતે આંગણવાડીમાં સુખડીનો પોષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના જન્મદિને મહિલા મોરચા દ્વારા સમગ્ર રાજ્યમાં આજથી મહિલા સદસ્ય નોંધણી અભિયાનનો પ્રારંભ કરાયો હતો. અનેક સ્થળોએ મહાઆરતીનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ક્યાંક બાળકીઓની સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. પ્રદેશ ભાજપના કાર્યકર્તાઓ અને પ્રજાજનો દ્વારા વિવિધ સેવાકીય અને પ્રજાકીય કાર્યોના માધ્યમથી અને મહિલા સદસ્યતા અભિયાનના શુભારંભ દ્વારા આનંદીબેન પટેલને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



# ટ્રાફીક ડ્રાઈવમાં જિલ્લામાંથી ૨૭ લાખનો દંડ વસુલાયો

## બે સપ્તાહની ડ્રાઈવમાં ૩૯ હજાર વાહન ચાલકોને દંડ : ૪૯૨ વાહનો ડિટેઈન

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યભરમાં બે સપ્તાહ સુધી ચાલેલી ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવ ગઈકાલે ૨૦ તારીખે પુર્ણ થઈ ગઈ છે. ગાંધીનગર જિલ્લામાં ટ્રાફીકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે હેતુસર થયેલી ખાસ ડ્રાઈવમાં જિલ્લાના ૩૯ હજારથી વધુ વાહનચાલકોને દંડ ફટાકરવામાં આવ્યો છે. રૂ. ૨૭ લાખથી વધુ કિંતમનો જંગી દંડ બે સપ્તાહમાં વસુલી કુલ ૪૯૨ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે.

રાજ્યભરમાં ચાલેલી ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવ અંતર્ગત જિલ્લા પોલીસ વડાની સુચનાથી ગાંધીનગર જિલ્લામાં પણ ખુબ અસરકારક કામગીરી કરવામાં આવી છે. વાહનો પર લગાડેલી અન અધિકૃત લાલ-પીળી લાઈટો તેમજ વાહનોની રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ઉપર કરેલા લખાણ દૂર કરવા તથા ટ્રાફીક નિયમોના ચુસ્તપણે પાલન થાય તે માટે ૬ થી ૨૦ નવેમ્બર દરમ્યાન કરેલી ડ્રાઈવ દરમ્યાન પ્રાદેશીક વાહન વ્યવહારના અધિકારીઓને સાથે રાખીને જિલ્લા વિસ્તારમાં ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ પરલખાણ, ડાર્ક ફિલ્મ, સીટ બેલ્ટ, હેલમેન્ટ, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી સહિતના નિયમોના ભંગ કરવા બદલ ૩૯૦૩૯ વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરીને રૂ. ૨૭,૦૭,૭૮૦ ની જંગી રકમનો દંડ વસુલવામાં આવ્યો છે. તે ઉપરાંત એમ.વી. એક્ટ-૨૦૭ મુજબ ૪૯૨ વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

# આજે મુખ્યમંત્રી કુકરમૂંડાની પ્રાથમિક શાળાની મૂલ્યાંકન મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ શનિવાર તા.૨૨ નવેમ્બર-૨૦૧૪ના ગુણોત્સવ અભિયાનના ત્રીજા દિવસે આદિવાસી ક્ષેત્ર તાપી જિલ્લાના દુર્ગમ આદિજાતિ ગામ કુકરમૂંડાની પ્રાથમિક શાળામાં શિક્ષણ ગુણવત્તા મૂલ્યાંકન કરવા મૂલાકાત લેશે. શ્રીમતી આનંદીબહેન શાળા સંચાલન સમિતી, વાલી ગણ સાથે પણ બેઠક યોજવાના છે.

# બોર્ડ-નિગમોની નિમણુંકો આગામી સપ્તાહે

ગાંધીનગર, તા.૨૧

બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકો માટેનો બીજો દોર આગામી સપ્તાહમાં હાથ ધરીને નિમણુંકો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.ભાજપ વર્તુળો પાસથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રથમ તબક્કામાં માત્ર ચાર જ બોર્ડ-નિગમોમાં ચેરમેન ઉપાધ્યક્ષોની નિમણુંકો કરવામાં આવી હતી અને ત્યારબાદ મંત્રી મંડળનું પણ વિસ્તરણ કરીને માત્ર ચાર સભ્યોનો જ મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ બાકીના બોર્ડ-નિગમોમાં નિમણુંકો કરવામાં ન આવતાં અને મંત્રીમંડળમાં સ્થાન મળતાં કેટલાક ધારાસભ્યોમાં તેમજ પક્ષના કેટલાક આગેવાનો કાર્યકરોમાં નારાજગી ઉઠવા પામી છે.

મંત્રીમંડળમાં સમાવેશ કરાયેલ રાજયમંત્રી પુરૂષોત્તમ સોલંકીને પશુપાલન જેવા વિભાગ ફાળવવામાં આવતાં તેઓ નારાજ થયા છે અને ધારાસભ્ય ભાઈ હિરાભાઈ સોલંકીએ ખાતાને લઈને નારાજગી વ્યકત કરી છે. જેનાથી એ સ્પષ્ટ થાય છે કે પક્ષમાં કયાંક ને કયાંક આગેવાનો ધારાસભ્યોમાં નારાજગી જોવા મળી રહી છે.

આ નારાજગીને દૂર કરવા માટે બોર્ડ નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકો માટેનો બીજો દોર હાથ ધરવામાં આવનાર છે આ માટે સંગઠન અને સરકારે પરામર્શ કરીને પ્રક્રિયા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

ભાજપ સાથે સંકળાયેલ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી સપ્તાહમાં નાના આઠથી દસ જેટલા બોર્ડ નિગમોમાં ચેરમેનોની નિમણુંકો કરવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ચેરમેનો ઉપરાંત કેટલાક બોર્ડમાં ઉપાધ્યક્ષ અને ડિરેકટરોની પણ નિમણુંકો કરવામાં આવે તેવી શકયાઓ સેવાઈ રહી છે. પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક પૂર્વ ધારાસભ્યોને બોર્ડના ચેરમેનને બદલે માત્ર ડિરેકટર તરીકે નિમણુંક કરવામાં આવતા આ પૂર્વ ધારાસભ્યોમાં પણ નારાજગી ઉઠવા પામી છે અને પક્ષ સમક્ષ તેમની સિન્યોરીટીને ધ્યાનમાં રાખીને સ્થાન આપવામાં આવે તેવી લાગણીઓ પણ વ્યકત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# માહિતી ખાતાના હવે બે પ્રકાશનોનું વિમોચન થયું

## ૭ માસની વિકાસ સિદ્ધિઓનો શબ્દાલેખ સાતત્ય : પ્રેસ અકાદમી યોજિત વિવિધ પરિસંવાદોનો નિષ્કર્ષ રજુ કરાયો

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે



આજે તેમના ૭૪માં જન્મદિવસ અવસરે રાજ્યના માહિતી વિભાગ દ્વારા પ્રકાશિત બે પુસ્તકો સાતત્ય-સાતત્યપૂર્ણ વિકાસના ૭ મહિના અને નિષ્કર્ષના ગાંધીનગરમાં વિમોચન કર્યા હતા. આનંદીબેન પટેલે ૨૨મી મે ૨૦૧૪ના દિવસે પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રાજ્ય શાસનનો પદભાર સંભાળ્યો ત્યારબાદના ૭ મહિનાના યશસ્વી શાસન દરમિયાન ગતિશીલ ગુજરાતના અભિગમને ચરિતાર્થ કરતા જન જનના વિકાસના શબ્દાલેખ સાતત્યપૂર્ણ વિકાસની વિશિષ સિદ્ધિઓ અને નવતર પહેલરુપ યોજનાઓનું તલસ્પર્શી આલેન સાતત્ય પુસ્તકામાં કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીના શાસન સિદ્ધિના ૭ મહિના પૂર્ણ થવાના પૂર્વ દિને તેમના ૭૪માં જન્મદિવસનો સુભગ સુયોગના અવસરે માહિતી વિભાગના આ પ્રકાશનો સૌના સાથ સૌના વિકાસની નેમમાં સુર પુરાવનારા બની રહ્યા છે. માહિતી કમિશનર ભાગ્યેશ જ્હા તથા સંયુક્ત માહિતી નિયામક પૂલક ત્રિવેદીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ જે અન્ય પ્રકાશન નિષ્કર્ષનું વિમોચન કર્યું તેમાં ગુજરાત પ્રેસ અકાદમી દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરિષ્ઠ પત્રકારો, કોલમ લેખકો, મિડિયા કર્મીઓના યોજાયેલા પરિસંવાદનો અર્ક સારાંશ ભલિભાંતિ આલેખાયો છે. મુખ્યમંત્રીએ આ બંને પ્રકાશનો રાજ્યની ગતિશીલ વિકાસયાત્રાની વાતો યોજનાઓ જન જન સુધી પહોંચાડશે તેવો વિશ્વાસ પુસ્તક વિમોચન વેળાએ વ્યક્ત કર્યો હતો.

# હવે આઈ.પી.એસ. અધિકારી રાહુલ શર્માનો નોકરી છોડવા નિર્ણય

## વર્ષ ૨૦૦૨ કોમી તોફાનો દરમિયાન તેમની તટસ્થ અને નિષ્પક્ષ કામગીરી રાજ્ય સરકારને માફક આવી ન હતી

ગાંધીનગર, તા.૨૧

વરિષ્ઠ આઈપીએસ અધિકારી રાહુલ શર્માએ રાજ્યના પોલીસ વડાને એક પત્ર લખીને સ્વૈચ્છિક નિવૃત્તિ માટે મંજુરી આપવા માટે માંગણી કરી છે. રાહુલ શર્મા હાલમાં વડોદરા ખાતે એસઆરપીમાં ફરજ બજાવી રહ્યા છે અને ત્યાંથી તેમણે ગત ૧૯મીએ પોલીસવડાને પત્ર લખીને સ્વૈચ્છિક નિવૃત્તિ માટે મંજુરી માંગી છે. રાજ્ય સરકારની કિન્નાખોરીનો ભોગ બનેલા રાહુલ શર્માને સરકારે પ્રમોશન આપ્યું ન હતું અને તેમની સાથે પોસ્ટિંગમાં પણ કિન્નાખોરી રાખવામાંઆવી હતી. આ બાબતથી કંટાળી જઈને અંતે રાહુલ શર્માએ નોકરી છોડવાનો નિર્ણય લીધો છે.

આઈપીએસ રૂલ્સ ૧૬૨ મુજબ કોઈ અધિકારી ૫૦ વર્ષની વય પસાર કરે ત્યારબાદ તે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ શકે છે. આ જોગવાઈને ધ્યાનમાં રાખીને રાહુલ શર્માએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા માટે મંજુરી માંગી હોવાનું જાણવા મળ્યું છે. શર્માએ પોલીસ વડાને એક અરજી કરીને પોતે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા માંગે છે તેથી તેમને નિવૃત્ત કરવા જોઈએ તેવી માંગણી કરી છે. અલબત્ત નિવૃત્તિનું સત્તાવાર કારણ તેમને અંગત કારણોસર એવું આપ્યું છે. શર્મા સામે સરકારે ખાતાકીય કાર્યવાહી શરૂ કર છે. સામાન્ય કારણોસર તેમની સામે ૩૩ ઈન્કવાયરી શરૂ કરાઈ છે. ૭ કારણદર્શક નોટિસ અને બે ચાર્જશીટનો સામનો તેઓ કરી રહ્યા છે જેની સામે તેમણે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલમાં અરજી કરતા તેમને મનાઈ હુકમ મળેલો છે. હાલમાં શર્મા વડોદરામાં આર્મ્સ યુનિટના ડીઆઈજી પરંતુ એક વર્ષથી રજા પર છે. શર્મા ૨૦૦૨ના તોફાનો દરમિયાન ભાવનગર ડીએસપી હતા ત્યારે રમખાણોમાં ભાવનગરની સીમાડે આવેલી મદરેસા પર હુમલો થતાં તેમા રહેતા વિદ્યાર્થીઓને બચાવી લીધા હતા. ત્યારબાદ તેમની બદલી અમદાવાદના પોલીસ કન્ટ્રોલ રૂમમાં કરી દેવાઈ હતી. ત્યાં તેમને તોફાનોના કેસોની તપાસમાં ક્રાઈમ બ્રાંચની મદદ કરવાનું કહેવાયું હતું. નરોડા પાટિયા, ગુલબર્ગ હત્યાકાંડ સહિતની ઘટનાઓ વખતે તોફાનીઓ કયાસમયે કયા હતા તેની વિગતો મોબાઈલ કંપનીઓ પાસેથી મેળવી હતી જેના કારણે ભાજપના તત્કાલિન ધારાસભ્ય માયાબેન કોડનાનીને ૨૮ વર્ષની સજા થઈ હતી, વીએચપીના નેતા જયદીપ પટેલ સામે ગંભીર આરોપ છે. તોફાનોમાં કથિત રીતે નિષ્ક્રિય રહેનાર પોલીસ અધિકારીઓની સામે શંકા ઉભી થઈ હતી. આ સીડી તેમણે નાણાંવટી કમિશનમાં રજૂ કરી હતી પરંતુ ટેલિફોન ડેટાની અસલી સીડી જમા નહીં કરવાના આરોપસર શર્માની વિરુદ્ધ સરકારી કાર્યવાહી કરીને ચાર્જશીટ ફટકારી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાય સરકારે રાહુલ શર્માના જ બેચમેન્ટ રજનીશ રાયને પ્રમોશન આપ્યું પરંતુ પરંતુ રાહુલ શર્માને પ્રમોશનથી વંચિત રાખવામાં આવ્યા હતા.

## જિજ્ઞાસાવૃત્તિ જગાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

લીધી હતી એટલું જ નહિ બાળકો સાથે મનભરીને વાતો પણ કરી હતી. જો કે તેમણે ગુણવત્તાસભર શિક્ષણ માટે વાલીઓને પણ એટલી જ જાગૃતતા રાખવા માટે એસ.એમ.સી.ની બેઠકમાં કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શાળાની મુલાકાત દરમ્યાન ગુણોત્સવની સાચી સફળતા વિશે પણ કેટલીક મહત્વની બાબતો કહી હતી. તેમણે જણાવ્યું કે આ પ્રોગ્રામ પુરતુ નહિ કાયમી સ્વચ્છતા કેમ ન રહી શકે. લાયબ્રેરીનું સંકલન પણ એટલું જ ખંતથી કરવુ જોઈએ. તેમણે બાળક ઈતર વાંચન માટે કેમ પ્રેરાય તે પણ જોવુ જોઈએ.

જિલ્લામાં આજે ગુણોત્સવનો બીજો દિવસ હતો. આજે જિલ્લાની ૧૨૦ જેટલી શાળાઓમાં મૂલ્યાંકન થયું હતું.

જિલ્લાના પ્રભારી સચિવ શ્રી ડાગુર, નાણાં વિભાગના અધિક સચિવ શ્રી જે.એન. સિંહ, જિલ્લા પંચાયત પ્રમુખ હીના પટેલ, દહેગામ, સાંપા અને કુડાસણ પ્રા. શાળામાં ગુણોત્સવના કાર્યક્રમમાં જોડાયા હતા.

શ્રી જે.એન. સિંહ આજે માણસાના લક્ષ્મીપુરા ખડાત ગામે ગયા હતા. જ્યાં તેમણે બાળકો સાથે મધ્યાહન ભોજન યોજનાને માણી હતી. શ્રી સિંહે શાળાની સાથે ગામની પણ મુલાકાત લીધી હતી. જો કે તેમણે સ્વચ્છતાના મુદ્દે સૌનો સાથ લઈ આગળ વધવા જણાવ્યું હતું.

હીના પટેલે સાંપા પ્રા. શાળાની કોમ્પ્યુટર લેબની મુલાકાત લઈ તેનો ઉપીયોગ બાળકો વધુ કરે તેના માટે શિક્ષકોનું ધ્યાન દોર્યું હતું. તેમણે બાળકો સાથે જ્ઞાન ગોષ્ઠી પણ કરી હતી.

# પેટ્રોલિયમ પ્રોડક્ટસમાં ૧.૫૦ રૂપિયાની એક્સાઈઝ મોંઘવારી વધારશે : નિશિત વ્યાસ

કેન્દ્રમાં ભાજપની સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી પણ પ્રજાને રાહત આપવા માટેના કોઈ પગલાં નહિ લઈ પ્રજા પર કરનું ભારણ વધારવાનું પાપ કર્યુ હોવાનો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી નિશિત વ્યાસે કર્યો છે.

આંતરરાષ્ટ્રિય ક્રુડ ઓઈલમાં બેરલ દીઠ આવેલા કડાકાને પગલે પ્રજાને સસ્તુ પેટ્રોલ, ડિઝલ મળશે તેવી આશા હતી પરંતુ ભાજપ સરકારે રૂ. ૧.૫૦ એક્સાઈઝ ડ્યુટી લગાવીને પ્રજા પર આકરો બોજ નાખ્યો છે.

પ્રજાને વેરામાં રાહતો આપવાનું વચન વિસરી બેઠેલા ભાજપના નેતાઓ જે કહેતા હોય છે તે કરતા નથી, તે આ વાતનો પુરાવો છે, સત્તાના નામે માત્ર પ્રજાને દંડવાનું કામ એ જ તેમનો હેતુ છે. આજના વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતી ત્યારે પણ તેમણે પેટ્રોલિયમ ખાસ કરીને ડીઝલ ઉપર સમગ્ર દેશમાં સૌથી વધુ વધારાનો વેરો નાંખ્યો હતો. જેમાં આજદિન સુધી રાહત આપી નથી. ઉદ્યોગપતિઓના ઈશારે ચાલતી કેન્દ્ર સરકારે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ પર વેરો લાદ્યો તો બીજી બાજુ કિસાન વિકાસ પત્ર રિલોંચ કરી કાળા નાણાંને સફેદ કેવી રીતે કરી શકાય તેની બારી ખોલી છે. ૧૦૦ દિવસમાં કાળુ નાણું પાછું લાવવાની વાત પણ આ સરકાર વિસરી ગઈ છે.

# ફીઝીયોથેરાપીને લગતા સાધનોનું પ્રદર્શન

અમદાવાદ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ (AIMS) ગુજરાત યુની.ની માન્યતા ધરાવતી સેલ્ફ ફાયનાન્સ ફીઝીયો થેરાપી કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ભાવના ગઢવી એ જણાવ્યું છે કે સમગ્ર ગુજરાત રાજયમાં કુલ ૩૨ ફીઝીયોથેરાપી કોલેજ આવી છે તેમાંથી દર વર્ષે જુદી જુદી કોલેજ દ્વારા ફીઝીયોથેરાપી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે આ વર્ષે તારીખ ૨૧-૨૨ નવેમ્બર ૨૦૧૪ બે દિવસ AIMS દ્વારા 8th Gujstate Conphucs-2014 નું આયોજન ગુજરાત યુનિ. કન્વે. સેન્ટર ખાતે રાખેલ છે. જેનો હેતુ વિદ્યાર્થીઓની કારકિર્દીને વધુ ઊંચાઈ પર લઈ જવાનો છે. સમગ્ર દેશના તથા વિદેશના ખ્યાતનામ ઉચ્ચ પદવી ધરાવતા ડોકટર્સ દ્વારા ફીઝીયોથેરાપી સાયન્ટીફીક વિષયને આવરી લેતા વિષયો ઉપર લેકચર્સના સેમિનારનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

## સંશાધનોનું સન્માન કરીએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગ્રીમ સ્થાન મેળવ્યું છે. આનંદીબેન પટેલ આ અવસરે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચિંગ કરતા ઉમેર્યું હતું કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ નિયમનકર્તાની ભૂમિકા સાથે જ ફેસીલીટેટરની ભૂમિકા પણ નિભાવે છે. મોબાઈલ એપ્સના આ માધ્યમથી ગુજરાત પર્યાવરણ સંરક્ષણમાં એમ ગર્વનન્સનો વિનિયોગ કરનારુ પ્રથમરાજ્ય બન્યું છે. મુખ્યમંત્રીએ પર્યાવરણ સુરક્ષાના સમગ્ર પહેલુઓને સાતત્યપૂર્ણ રીતે ગુજરાતમાં વિકસાવ્યા છે તેની ભૂમિકા આપતા કહ્યું હતું કે, રાજ્યની ૧૫૯ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાના નેટવર્કથી જળપ્રદૂષણ અટકાવવા સાથે વર્મીકંપોસ્ટ પ્લાન્ટ અને ધન કચરાના યોગ્ય ડમ્પિંગ માટેની લેન્ડ ફિલ સાઈટ મોટાપાયા ઉપર ઉભી કરવામાં આવી છે.

## મશીનરી ફીટ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમજ વોટરબોડી સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. અલબત્ત સ્વર્ણિમ પાર્કનું મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જયારે હાલ વોટરબોડી માટે જરુરી નવી મશીનરી પણ આવી ગઈ છે. વોટરબોડીમાં મુકવા જરુરી મશીનરી ફીટ કરવાનું કામ ટૂંકમાં શરુ કરી દેવાશે. સ્વર્ણિમ પાર્કને નિખારવા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પાર્કનું કામ આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરી દેવા આયોજન કરવામાં આવ્યું છે. જો કે મહીનાના અંત સુધીમાં આયોજન આખરી કરી દેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. સ્વર્ણિમ પાર્કની કામગીરી ટૂંકમાં પૂર્ણ થતા આ વિસ્તારનો નઝારો બદલાઈ જશે. એન્ટ્રન્સ સહીત વિવિધ પ્રકારના પ્લાઝા તેમજ રંગબેરંગી લાઈટીંગ્સ અને વોટર બોડીનું અસ્તિત્વ નગરજનો અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

**જોઈએ છે**

સ્કૂલ બસ ચલાવવા માટે અનુભવી ડ્રાઈવર જોઈએ છે.

(મહા પ્રજ્ઞા વિદ્યાનિકેતન કોબા પાટીયા સ્કૂલ માટે)

સંપર્ક : ૯૭૨૬૬ ૩૯૭૪૬

**PUBLIC NOTICE** Notice is hereby given, that the following sub-broker is no longer affiliated as sub-broker of ICICI Securities Ltd., Member of National Stock Exchange of India Ltd. (SEBI Regn. No. INB230773037) and Bombay Stock Exchange Ltd. (SEBI Regn. No. INB011286854), having Corporate office at Shree Sawan Knowledge Park, Plot No. D-507, T.T.C. Industrial Area, MIDC, Turbhe, Navi Mumbai – 400 705, For any queries contact: Sub broker Operations dept at 022-4070 1433. Any person henceforth dealing with below mentioned sub-broker should do so at their own risk. ICICI Securities Ltd. shall not be liable for any dealings with him.

| Sr No | Name of the Sub broker | Trade Name | Address | SEBI Regn No & Date |
|---|---|---|---|---|
| 1. | Sweety D Parikh | Sweety D Parikh | E-405 Pragati Nagar B/H. Piplod Jakat Naka Surat Gujarat-395007 | BSE INS 019206619 /01-12868 DATED 18 -Jun - 2010 |

Date : 22.11.2014
Place: Mumbai
By Order of Director **ICICI Securities Limited**
Anup Bagchi

ઓનલાઈ ટુંકી મુદતની જાહેર નિવિદા નં. એસકે/૧૭ સને ૨૦૧૪-૧૫
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, 'બી' બ્લોક, પ્રથમ માળ, સેક્ટર નં.૧૬, ગાંધીનગર પીન-૩૮૨૦૧૬ ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૨૬૪ દ્વારા ઓનલાઈન 'બી-૨' ટેન્ડરમાં ભાવો માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજી રકમ ૨) બાનાની રકમ ૩) ટેન્ડર ફી ૪) ઈજારદારશ્રીની શ્રેણી |
|---|---|---|
| ૧. | ૩૦૫૪ એસ.આર. ટુ વેરીયસ રોડ ઈન જી.ટી.એસ. ગાંધીનગર ખાતે જુદા જુદા રોડ ઉપર રોડ ફર્નીચરનું કામ. | ૧) રૂ. ૨,૯૬,૨૩,૦૦૭.૧૦ ૨) રૂ. ૨,૯૬,૨૩૦.૦૦ ૩) રૂ. ૩૬૦૦/- ૪) 'બી' ક્લાસ સ્પે. કેટેગરી-૩ અને ઉપરની શ્રેણી |

ટેન્ડરના દસ્તાવેજો અમારી વેબસાઈટ **www.rnb.nprocure.com** ઉપરથી તા. ૨૦/૧૧/૧૪થી તા. ૨૬/૧૧/૧૪ના રોજ બપોર બાદ ૧૬.૦૦ સુધી જોવા મળી શકશે અને ડાઉનલોડ કરી શકાશે. અને સદર ટેન્ડરો તા. ૨૬/૧૧/૧૪ના રોજ બપોર બાદ ૧૬.૩૦ કલાકે અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, બ્લોક નં. ૧૧/ બીજે માળ, ડૉ. જે. એમ. ભવન, ગાંધીનગરની કચેરીમાં ઓનલાઈન ખોલવામાં આવશે. તેમજ તા. ૨૭/૧૧/૧૪ થી તા. ૩૦/૧૧/૧૪ સુધીમાં અસલમાં ટેન્ડર ફી તથા બાનાની રકમ આ કચેરીએ આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે. બાકીની વિગતો યથાવત રહેશે. **માહિતી/૧૭૨૧/૨૦૧૪-૧૫**

## શબ્દાવલી - ૫૫૬૭



### આડી ચાવી

૧. સામાન્ય નિયમમાં બાધા હોય તેવું ભાગ્યે જ જોવા મળે તેવું (૪)
૪. ઘરેણાને ફરી નવા જેવા કરવા રસ ચડાવે તે (૩)
૬. સમયનું એક માપ (૨)
૭. કયાં જાઓ છો? જેવો સવાલ કરી જનારને... ના કરાય (૩)
૯. શુકનવંતુ (૫)
૧૨. અભિનેત્રી કાજોલની માતા (૩)
૧૩. માછલી, મત્સ્ય (૨)
૧૪. આકાશ (૨)
૧૬. ચામડી પર થતો એક રોગ (૩)
૧૮. દાણ શબ્દ અહીં ઊંધો છે (૨)
૨૦. દેવાની પતાવટ - માંડવાળ (૩)
૨૩. શરદી - સળેખમ (૩)
૨૪. ચકમકાટ, પ્રકાશિત (૪)
૨૫. વગડો, જંગલ (૨)
૨૬. સિતારો (૩)

### ઊભી ચાવી

૧. ખરાબશુકન (૫)
૨. પોપચું (૩)
૩. જુના-પુરાણા ખ્યાલો (હિન્દી) (૫)
૪. ગીરવી (૨)
૫. એક પહોળું વાસણ (૨)
૮. સખત ગરમી કે તાપ હોય તો... ગરમી છે તેવું પણ કહેવાય (૪)
૧૦. નિત્ય રોજ (૨)
૧૧. કાર્ય (૨)
૧૫. આભાસ, હકીકતમાં ન બન્યું હોય તેમ છતાં તેવો અહેસાસ (૪)
૧૭. સફળ થવું તે (૪)
૧૯. પાલવ, પલ્લો (હિન્દી) (૩)
૨૧. ઓડકાર (૩)
૨૨. વાળને ગુંથવા તે (૩)

### શબ્દાવલી ૫૫૬૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) અપહરણ (૫) જસ (૭) મલકાટ (૮) લાનત (૯) નકાર (૧૦) ખુશામત (૧૧) સ્કર (૧૨) મના (૧૩) સમજાવટ (૧૬) કંચન (૧૯) હીના (૨૦) ધાકધમકી (૨૨) વટ (૨૩) રમો (૨૪) બટન

**ઊભી ચાવી :-** (૧) અમનસ્ક (૨) પલકાર (૩) હકાર (૪) રટ (૫) જનમ (૬) સતત (૮) લાશા (૧૦) ખુનામરકી (૧૨) મસ (૧૪) વહીવટ (૧૫) ટનાટન (૧૬) કંધાર (૧૭) ચમકો (૧૮) નધ (૨૧) મડુ